Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-17, Issue-4, March-2024
www.researchguru.net

# ઉદ્યોગ સાહસિક વાલચંદ હીરાચંદ ઇ.સ. ૧૮૮૨ – ૧૯૫૩

ડો. વિનોદકુમાર મુંજપરા
(અધ્યાપક સહાયક) ઇતિહાસ વિભાગ
નલિની - અરવિંદ એન્ડ ટી. વી. પટેલ આર્ટસ કોલેજ વલ્લભ વિદ્યાનગર

**પૂર્વભૂમિકા :**

ભારતના આર્થિક ઇતિહાસની વાત કરીએ તો ભારતમાં અંગ્રેજોનું આગમન થયું અને વ્યાપારની શરૂઆતથી લઈને સત્તા પ્રાપ્તિ સુધીની અંગ્રેજોની સફર ભારતીય ઇતિહાસમાં ઘણા બધા નવા સમીકરણો રચતા જોઈ શકાય છે. અંગ્રેજોએ ભારતમાં રેલવે, રોડ અને વ્યાપારનો વિકાસ કર્યો હતો. તેમાં તેમનો આર્થિક શોષણનો દ્રષ્ટિકોણ સ્પષ્ટ જોઈ શકાય છે. ભારતને આર્થિક દ્રષ્ટિએ ઉદ્યોગ ક્ષેત્ર પાછળ રાખવામાં અંગ્રેજોની નીતિના કારણે ભારતના ગૃહ ઉદ્યોગોનો વિનાશ થયો હતો. ભારતમાં રેલવેની શરૂઆત થયા બાદ ભારતમાં કાપડ ઉદ્યોગ, લોખંડ, પોલાદ ઉદ્યોગ, શણ ઉદ્યોગ, ખાંડ ઉદ્યોગ, સીરામીક ઉદ્યોગ, રસાયણ ઉદ્યોગ, ઓટોમોબાઇલ, હવાઈ જહાજ અને શિપિંગ જેવા ઉદ્યોગોનો વિકાસ થયેલો જોવા મળે છે. મહત્વની બાબત એ કહી શકાય કે આ બધા ઉદ્યોગો ભારતીય ઉપયોગ સાહસિક દ્વારા શરૂ થયા હતા અને ક્રમશઃ તેનો વિકાસ પણ થયો હતો. ભારતીય ઉદ્યોગ સાહસિકોમાં ઘણા બધા નામો ઈતિહાસમાં નોંધાયેલા છે. તેમાં વાલચંદ હીરાચંદનું નામ શિપિંગ ઉદ્યોગને કારણે વિશેષ જાણીતું છે.

**વાલચંદ હીરાચંદનો પરિચય :**

ભારતીય ઇતિહાસમાં ઉદ્યોગની વાત હોય તેમાં વાલચંદ હીરાચંદ ઉદ્યોગ સાહસિકોની પ્રથમ હરોળમાં નામ લઈ શકાય. અંગ્રેજોના ભારતમાં બ્રિટિશ સામ્રાજ્યવાદ વ્યાપક રીતે ફેલાયેલો હતો ત્યારે તે જમાનામાં ભારત દેશને ઔધોગિક નકશા પર લાવનાર ઉદ્યોગપતિઓમાં વાલચંદનું નામ જાણીતું છે. તેમણે બ્રિટિશ રાજકીય અને ઔધોગિક હિતો સામે સતત જજુમીને કેટલાક મહત્વના ઉદ્યોગો સ્થાપ્યા હતા. તેઓ નીડર ટેકેલા અને થોડા આક્રામક સ્વભાવ માટે જાણીતા હતા આવા અત્યંત મહત્વકાંક્ષી પ્રયોજક તરીકે બ્રિટિશ ઔદ્યોગિક ઇજારાશાહી સામે બાથ ભીડી હતી. વાલચંદના વ્યક્તિત્વને તપાસીએ તો જોવા મળે છે કે તેઓ સરળ કાર્ય કરવાના સ્થાને જોખમી કાર્યો વધારે પસંદ કર્યા હતા.

વાલચંદનો જન્મ 23 નવેમ્બર 1882 માં મહારાષ્ટ્રના સોલાપુરમાં થયો હતો. વાલચંદ જૈન સમુદાયમાંથી આવતા હોય વ્યાપારના સંસ્કારો તેમને વારસામાં મળ્યા હતા તેમના પૂર્વજો ગુજરાતી હતા 19 મી સદીના તેમના દાદા નિહલચંદ દોશીએ ઈડર રાજ્યમાં આવેલા વાંકાનેરમાંથી સ્થળાંતર કરી મહારાષ્ટ્રના સોલાપુરમાં સ્થાયી થયા હતા. બાલ્યકાળથી જ વાલચંદમાં મહારાસ્ટ્રીય સંસ્કારોને અપનાવ્યા અને પાછળથી તેઓ સવાઈ મહારાષ્ટ્રીય તરીકે જાણીતા બન્યા હતા. વાલચંદે મુંબઈની સેન્ટ ઝેવિયર્સ કોલેજમાં અભ્યાસ શરૂ કર્યો, પરંતુ ત્યાં પ્લેગ શરૂ થવાથી તેઓ પુનાની કોલેજમાં જોડાયા અને ત્યાંથી તેમણે મુંબઈ યુનિવર્સિટીની બી.એ ની ડિગ્રી ઇતિહાસ અને અર્થશાસ્ત્રના વિષયો સાથે મેળવી હતી ત્યારબાદ તેમણે કૌટુંબિક ધંધાની જવાબદારી સ્વીકારી હતી. શરાફી, સુતર અને કાપડની દલાલી અને તેના વ્યાપારનો સમાવેશ થાય છે.

**સ્વતંત્ર વ્યાપારના શ્રી ગણેશ**

વાલચંદને વારસામાં મળેલ કૌટુંબિક વ્યવસાયમાં રસ ન હોવાથી તેમણે ઈ.સ. 1902 માં એક મુસ્લિમ મિત્રની સાથે સોલાપુરમાં આવેલ મિલોમાં કોલસા અને લોખંડ પુરા પાડવાનું કાર્ય શરૂ કર્યું. જેમાં ખૂબ જ નફો પ્રાપ્ત થયો તેમાંથી તેમણે કોન્ટ્રાક્ટરનો વ્યવસાય શરૂ કર્યો અને લક્ષ્મણ રાવ ફાટક નામના એક રેલવેના કારકુનની મદદથી તેમણે રેલ્વેના માલ સામાન પહોંચાડવાનું કામ શરૂ કર્યું. આ ધંધામાં મૂડી મોટા પ્રમાણમાં સંકળાય જતી હોય વાલચંદના પિતાએ મુંબઈમાં રેલ્વે લાઈનો બાંધવાનું કામ ચાલતું હોય વાલચંદે તેમની સત્તાનો ઉપયોગ કરી રેલવેના બાંધકામનું કન્સ્ટ્રક્શન ક્ષેત્ર કાર્ય શરૂ કર્યું. પ્રથમ વિશ્વ યુદ્ધ દરમિયાનના સમયમાં તેમણે રેલ્વે સાથે સાથે રસ્તા પુલો અને લશ્કરી છાવણીઓ બાંધવાની જરૂરીયાતના કારણે તેમણે ઈ.સ.1920માં તાતા કન્સ્ટ્રક્શન સાથે ભાગીદાર શરૂ કરી. હવે દેશભરમાં કન્સ્ટ્રક્શન ક્ષેત્રે વાલચંદનું નામ જાણીતું બન્યું. આમ વાલચંદ પોતે વારસામાં મળેલ વ્યવસાયને આગળ વધારવાના સ્થાને સ્વતંત્ર વ્યવસાયનો રસ્તો અપનાવ્યો અને તેમને તેમાં તેઓ તેમની આવડતથી સફળ પણ બન્યા. ધીમે ધીમે તેમણે તેમણે બ્રિટિશ રાજકીય અને ઔધોગિક હિતો સામે સતત સામનો કરી કેટલાક મહાનના ઉદ્યોગો પણ સ્થાપ્યા.

**શિપિંગ ઉદ્યોગમાં પ્રવેશ અને સફળતા :**

પ્રથમ વિશ્વ યુદ્ધ શરૂ થતા સુધીમાં વાલચંદે સારી એવી મૂડી પ્રાપ્ત કરી લીધી હતી તેમને સારા ઉદ્યોગમાં પ્રવેશવા માટે તપાસ કરી જેમાં શિપિંગ ઉદ્યોગ ક્ષેત્રે પસંદગી ઉતારી તત્કાલિન સમયમાં વિશ્વના વહાણવટા ક્ષેત્રે ઇંગ્લેન્ડની ખૂબ જ મજબૂત પકડ હતી. વાલચંદે બ્રિટિશ ઇન્ડિયા નેવિગેશન અને પેનિન્સુલર એન્ડ ઓરિએન્ટલ કંપની જેવી બ્રિટિશ આંતરરાષ્ટ્રીય કંપનીઓ સાથે બાથ ભીડવાનું કાર્ય પસંદ કર્યું.

વાલચંદને જહાજ ઉદ્યોગ શરૂ કરવાની પ્રેરણા એક આકસ્મિક ઘટના દ્વારા થયેલી એકવાર તેઓ ઈ.સ. 1919 માં ટ્રેનની મુસાફરી કરી રહ્યા હતા ત્યારે વોટસન નામના અંગ્રેજ સાથે વાતચીત દરમિયાન જાણવા મળ્યું કે ગ્વાલિયરના મહારાજા સિંધિયાએ વિશ્વ યુદ્ધ દરમિયાન એસ. એસ. લોયલ્ટી નામનું એક જહાજ ખરીદ્યું હતું તેને મહારાજા વેચવા માંગે છે. વાલચંદે તેમના ઉદ્યોગપતિ મિત્રોના સહકારથી 27 માર્ચ 1919 માં રોજ સિંધિયા સ્ટીમ નેવિગેશન કંપનીનો જન્મ થયો.

ઈ.સ. 1919 માં સિંધિયા કંપનીની સ્ટીમર જેવી મુંબઈથી ઇંગ્લેન્ડ જવા માટે રવાના થઈ કે તેની સામે બ્રિટિશ ઈન્ડિયા કંપનીએ વિરોધ શરૂ કર્યો. કેટલાક રાજા મહારાજાઓ અને જમીનદારોએ આ સ્ટીમરમાં ઇંગ્લેન્ડ જવા બુકિંગ કરાવ્યું હતું. તે અંગ્રેજોના કારણે રદ કરાવ્યું જેમ તેમ કરીને ઇંગ્લેન્ડ પહોંચી તો ત્યાં પણ બ્રિટિશ જહાજ માલિકોએ તેનો બહિષ્કાર કર્યો. જેથી સિંધિયા કંપની સામે કપરો સમય શરૂ થયો છતાં પણ વાલચંદે હાર ના માની.

સિંધિયા કંપની ભારતના રાષ્ટ્રીય ગૌરવના પ્રતીક સમાન હતી અને મહાત્મા ગાંધીએ વાલચંદને તેમના સાહસ માટે સફળતાના આર્શીવાદ આપ્યા હતા. આમ છતાં પણ બ્રિટિશ જહાજપતિઓના વિરોધનો સામનો કરી ટકી રહેવાનું મુશ્કેલ હતું. કારણ કે સિંધિયાનો ભાવ તોડવા માટે બ્રિટિશ જહાજ કંપનીઓ મુસાફરો અને સામાન સસ્તા દરે લઈ જતી આમ બ્રિટિશોએ નૂર યુદ્ધ નીતિ દ્વારા સિંધિયા સ્ટીમરના દર પર મોટો ફટકો માર્યો હતો. વાસ્તવમાં બ્રિટિશરો એ વાલચંદ સાથે હરીફાઈ કરી શક્યા ન હતા માટે જ તેઓ તેમની હિંમત તોડવા અવનવા પ્રયાસો હાથ ધરતા હતા. પરંતુ વાલચંદ

જુદી જ માટીના બનેલા હતા તેમણે કાઠાંળ વ્યાપાર શરૂ કર્યો તેને પણ બ્રિટિશોએ તોડવાનો પ્રયાસ કર્યો, પરંતુ તેમાં વાલચંદ બ્રિટિશરો સામે સફળ રહ્યા. આમ વાલચંદ અનેક મુશ્કેલીઓનો સામનો કરીને વિશ્વના સૌથી શક્તિશાળી બ્રિટિશરોની સામે બાથ ભીડી અને જહાજ ઉદ્યોગમાં સફળતા પ્રાપ્ત કરી હતી.

**ખાંડ ઉદ્યોગ અને આનુષાંગિક ઉદ્યોગ** :

વાલચંદ ખેતી આધારિત ઉદ્યોગ પણ વિકસાવ્યા હતા. આ માટે તેમણે ઈ.સ.૧૯૨૩ માં મહારાષ્ટ્રના નાસિક જિલ્લામાં આવેલ રાવલગાંવની આસપાસની 1500 એકર જમીન ખરીદી અને ત્યાં શેરડી, કપાસ અને મગફળી જેવા રોકડિયા પાકોનું વાવેતર કરાવ્યું. ઇ.સ. ૧૯૩૨ માં જ્યારે હિંદ સરકારે સુગર પ્રોડક્શન એકટ પસાર કરી આયાતી ખાંડ પર 34% જકાત નાખી ત્યારે વાલચંદ રાવલગાંવમાં એક ખાંડનું કારખાનું સ્થાપવાનું વિચાર્યું. ખાંડ ઉદ્યોગ માટે શેરડીનું વાવેતર કરાવ્યું અને કારખાના સુધી શેરડી પહોંચાડવા વાહન વ્યવસ્થા ગોઠવી ખાંડ ઉદ્યોગને સક્ષમ બનાવવા અને વિકસાવવા તેમના કેટલાક એન્જિનિયર અને જાવા અને ઓસ્ટ્રેલિયામાં તાલીમ માટે મોકલ્યા. ખાંડ ઉદ્યોગમાં નફો મળતા રાવલગાંવની જમીનમાં ખાંડનું બીજું કારખાનું શરૂ કર્યું. ખાંડ ઉદ્યોગમાંથી બીજા ઉદ્યોગો જેવા કે મીણ, કાગળ અને પૂઠા વનસ્પતિ ઘી, દારૂ, સાબુ માલસામાન માટેના વાસણો અને ચોકલેટનું ઉત્પાદન આનુષાંગિક ઉદ્યોગ તરીકે થયું. વાલચંદની આવી પ્રવૃત્તિઓના કારણે નાશિક જિલ્લાના તે સમયના ખેતરો ઔધોગિક પ્રવૃત્તિઓથી ધબકવા લાગ્યા હતા. ઇ.સ ૧૯૩૮ બાદ રાવલગાંવ વાલચંદ નગર તરીકે જાણીતું બની ગયું.

**ઓટોમોબાઇલ ઉદ્યોગ**

બીજા વિશ્વ યુદ્ધ સમયે વાલચંદે ઓટોમોબાઇલ ઉદ્યોગમાં પ્રવેશ કર્યો તેથી તેમણે પ્રીમિયર ઓટોમોબાઇલ કંપનીની ઈ.સ. ૧૯૪૪ માં સ્થાપના કરી અને મુંબઈમાં આવેલ કુરલા ખાતે એક પ્લાન્ટ સ્થાપ્યો. યુદ્ધ બાદ કાઇસ્લરના ટેકનીકલ સહકારથી પ્રીમિયર ઓટોમોબાઇલે જરૂરી સાધન સામગ્રીનું ઉત્પાદન શરૂ કર્યું. ઇ.સ.૧૯૫૧ માં વાલચંદે ઇટાલીના પ્રસિદ્ધ ફીયાટ કંપની સાથે ટેકનિકલ જાણકારી માટે કોલ-કરાર કર્યો અને ભારતમાં ગાડીઓનું ઉત્પાદન શરૂ થતાં ભારતના ઔદ્યોગિક ઇતિહાસમાં મહત્વનુ પ્રદાન કહી શકાય.

**હવાઈ જહાજ ઉદ્યોગ** :

વાલચંદે ખટાઉ અને કિલાચંદની મદદથી ઈ.સ. ૧૯૪૦ માં હિન્દુસ્તાન એર ક્રાફ્ટ કંપનીની સ્થાપના કરી. મૈસૂર સરકારે ફેક્ટરી શરૂ કરવા માટે બેંગલોર ખાતે જમીનો આપી. વાલચંદનો પોતાનો કન્સ્ટ્રક્શન ક્ષેત્રે અનુભવ હતો. તેથી ટૂંકા સમયગાળામાં કારખાનાઓ માટેની ઇમારતો બંધાઈ. ઈ.સ.૧૯૪૧ માં ઉત્પાદન શરૂ થઈ ગયું. ઈ.સ.૧૯૪૧ માં જાપાન દક્ષિણ પૂર્વના દેશોમાં ઘસી આવ્યું અને હિંદ પર આક્રમણની સંભાવના જણાઇ. આ યુદ્ધનો સમય હોય સરકાર ઇચ્છતી ન હતી કે વાલચંદની એરક્રાફ્ટ કંપની અને તેની મિલકત દુશ્મનના હાથમાં આવે તેથી સરકારે વાલચંદને કહ્યું કે તેમની ફેક્ટરીઓ જો દુશ્મનના હાથમાં જતી જણાશે તો સરકાર પોતે જ તેની બાળી નાખશે. વાલચંદને આ કંપની હિન્દ સરકારને વેચી દેવી પડી. આમ વાલચંદના પ્રયાસો થકી ભારતમાં જહાજ ઉદ્યોગ શરૂ કર્યો, પરંતુ પ્રતિકૂળ પરિસ્થિતિના કારણે સફળતા મળ્યા બાદ છોડવાનો વારો આવ્યો હતો.

**મૂલ્યાંકન**

ભારતના અગ્રગણીય ઉદ્યોગ સાહસિકોમાં અંગ્રેજોની સત્તા સામે બાથ ભીડવાનું અને તેને મક્કમતાપૂર્વક વળગી રહેવાનું. જો કોઈએ સફળતાપૂર્વક કાર્ય કર્યું હોય તો તે વાલચંદ હીરાચંદ હતા. વાલચંદે તેમના સમગ્ર જીવન દરમિયાન જે

કોઈ ક્ષેત્રે હોય તેમાં ઝંપલાવ્યા અને સફળતા મેળવી. પૈતૃક વારસાનો વ્યવસાય છોડીને મક્કમ ઇરાદાથી તેમણે નિષ્ફળતાને સફળતામાં પરિવર્તન કરી બતાવવાનું ઐતિહાસિક કાર્ય કર્યું હતું. સમગ્ર વિશ્વમાં નેવિગેશન ક્ષેત્રે જ્યારે ઇંગ્લેન્ડનું નામ ટોચ પર હતું ત્યારે તેની સાથે સંઘર્ષ કરીને વાલચંદે સિંધિયા સ્ટીમ નેવિગેશન કંપની સ્થાપના અને મક્કમતાપૂર્વક બ્રિટિશ અવરોધનો સામનો કરીને સફળતા હાંસલ કરી. ઉપરાંત તેમણે ખાંડ ઉદ્યોગ, ઓટોમોબાઇલ જહાજ ઉદ્યોગ જેવા ક્ષેત્રે પણ ઝંપલાવીને ભારતને ઔધોગિક ક્ષેત્રે નામના અપાવી હતી. ઇ.સ. ૧૮૮૨ માં જન્મેલા વાલચંદ ઔધોગિક સફળતાઓની સિદ્ધિઓ પ્રાપ્ત કરી ૮ એપ્રિલ ૧૯૫૩ ના રોજ આ દુનિયામાંથી વિદાય લીધી.

**સંદર્ભ :**


- શાસ્ત્રી આર. વી. ભારતનો આર્થિક ઇતિહાસ (૧૭૫૭ થી ૧૯૫૦) ભાગ-૨ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ. પ્રથમ આવૃતિ, ૧૯૭૪.
- મહેતા મકરંદ, સાંસ્થાનિક ભારતનો આર્થિક ઇતિહાસ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ. તૃતીય આવૃતિ (સંશોધિત) ૨૦૧૫.
- en.m.wikipedia.org.